રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:

# ‘ઇન્ડિયા સાઈકલ ફોર ચેન્જ’

# ચેલેન્જમાં રાજકોટ શહેરની પસંદગી

તારીખ: ૦૭-૦૮-૨૦૨૦




COVID-19ને કારણે વ્યક્તિગત પરિવહનના વિકલ્પોની આવશ્યકતામાં વધારો થવાની ધારણા છે, જેમાં લોકડાઉનમાંથી બહાર આવતા શહેરોમાં સાયકલના ઉપયોગમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળશે. રાજકોટમાં પણ પાછલા મહિનાઓમાં સાયકલના વેચાણમાં વધારો જોવા મળેલ છે.

શહેરને સાયકલ ફ્રેંડલી બનાવવા અને નાગરિકોને સાયકલનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી સ્માર્ટ સિટીઝ મિશન દ્વારા ‘ઈન્ડિયા સાયકલ ફોર ચેન્જ’ ચેલેન્જની શરૂઆત કરવામાં આવેલ છે. આ ચેલેન્જમાં રાજકોટ  સહીત ૯૫ શહેરોએ ભાગ લીધેલ છે. આ ચેલેન્જ અંતર્ગત શહેરને તેમના નાગરિકો સાથે જોડાઈ અને નિષ્ણાતોની મદદથી, સમગ્ર શહેરમાં સાયકલિંગને પ્રોત્સાહન આપવા માટેના પગલાં ભરવાના રહેશે. રાજકોટ સાયકલિંગને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પગલાં લઈ રહ્યું છે, જેમાટે હવે નાગરિકો પાસેથી પણ સૂચનો મંગાવામાં આવેલ છે.

આ ચેલેન્જને લગતા કાર્ય કરવા માટે એક ટીમની રચના કરવામાં આવશે. આ ટીમ સર્વે તેમજ નાગરિકો સાથે સંવાદ કરીને શહેરમાં સુરક્ષિત રીતે સાયકલનો ઉપયોગ વધે તે માટેના વિવિધ કેમ્પેઇન અને પ્રતિયોગિતા યોજશે.

**ઈન્ડિયા સાયકલ ફોર ચેન્જ ચેલેન્જ**

ઈન્ડિયા સાયકલ ફોર ચેન્જ ચેલેન્જમાં 2 સ્ટેજ હશે. પહેલા સ્ટેજમાં શહેરોમાં સાઇકલિંગને પ્રોત્સાહિત કરવા અને સ્કેલ-અપ વ્યૂહરચના વિકસાવવા માટે ઝડપી હસ્તક્ષેપો અને પ્રમોશનલ પ્રવૃત્તિઓનો અમલ કરવામાં આવશે. જે અંગેનો રિપોર્ટ સબમિટ કરવાનો રહેશે, જેના આધારે ૧૧ શહેરોની પસંદગી કરવામાં આવશે અને પસંદગી પામેલ પ્રત્યેક શહેરને સ્ટેજ ૧ માં રજૂ કરેલી સ્કેલ-અપ યોજનાના અમલીકરણ અને સાયકલિંગને વધુ પ્રોત્સાહિત કરવા માટે ૧ કરોડની ગ્રાન્ટ આપવામાં આવશે.

**નાગરિક પ્રતિભાવ**

ઈન્ડિયા સાયકલ ફોર ચેન્જ ચેલેન્જ અંતર્ગત રાજકોટ શહેર સાથે જોડાવા અને સૂચનો આપવા માટે ઇચ્છુક નાગરિક https://forms.gle/FRxBSvgvvdpK2DuTA લિંક પર પોતાના પ્રતિભાવ રજુ કરી શકે છે.

**સાઇકલિંગથી મળશે અનેક ફાયદા**

- ટ્રાન્સ્પોર્ટેશન માટેનો એક સારો વિકલ્પ
- પર્યાવરણના સંરક્ષણમાં ઉપયોગી થાય

- સાઇકલિંગ કરનારનું આરોગ્ય સારું રહે

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા